## **ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.**

**સ્નાતક / અનુસ્નાતક અને પી.જી. ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ જાહેરાત (૨૦૧૭–૧૮).**

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્નાતક અભ્યાસક્રમોમાં માન્ય બોર્ડમાંથી (૧૦ + ૨) અથવા માન્ય સમકક્ષ શૈક્ષણીક સંસ્થામાંથી પદવી મેળવેલ હોય તથા અનુસ્નાતક ભવનો અને સંલગ્ન એલ.એલ.બી. કોલેજો માટે (૧૦ + ૨ + ૩) ની તરાહમાં માન્ય યુનિવર્સિટી અથવા સમકક્ષ શૈક્ષણિક સંસ્થામાંથી પદવી મેળવેલ હોય તેઓ પ્રવેશ માટે પાત્ર થાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે કોષ્ટકમાં દર્શાવેલ અભ્યાસક્રમો માટેની પ્રથમ વર્ષ / સેમેસ્ટર ૧ માટેની પ્રવેશ અરજી (એડમીશન એપ્લીકેશન) કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ http://kskvku.digitaluniversity.ac, **www.kskvku.ac.in** પરથી કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીએ વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરી યુઝરનેઈમ, પાસવર્ડ સેટ કરવાનો રહેશે તથા તેને નોંધી રાખવાનો રહેશે. આ યુઝરનેઈમ–પાસવર્ડ દ્વારા વિદ્યાર્થીએ એપ્લીકેશન કરવાની રહેશે.

| | | | | |
|---|---|---|---|---|
| BA (REG/EXT) | BCOM(REG/EXT) | BSC | BCA | BBA |
| LL.B. | MA (REG/EXT) | MCOM(REG/EXT) | MSC | MSW |
| MBA(INT) | MSC(CA&IT INT) | MPA | PGDCA | PGDHRM |
| PGD(IR&HRD) | MSC (IT) | M.Ed. | MLW | |

આ સંદર્ભે અરજી માટેની તારીખો, હેલ્પ સેન્ટરની માહિતી, એલીજીબીલીટી પ્રવેશ માટેના નિયમો, એડમીશન માટે જરૂરી અન્ય હેલ્પ ડોકયુમેન્ટ, કોલેજો / ભવનોની માહિતી વગેરે જેવી જરૂરી માહિતી કચ્છ યુનિવર્સિટીની વેબ સાઈટ પરથી જોવાની રહેશે તથા હેલ્પ સેન્ટર પરથી મેળવી શકાશે. અભ્યાસક્રમો મુજબ તારીખો અલગ અલગ રહેવા પામશે તથા તેમા ફેરફારનો અધીકાર યુનિવર્સિટીનો રહેશે. એપ્લીકેશન ફી **રૂ. ૧૦૦/–** વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ / ડેબીટ કાર્ડ / નેટ બેંન્કીગ તથા ચલણ દ્વારા ભરી શકશે. આ ફી ભરાયા બાદ એપ્લીકેશન ફોર્મની પ્રિન્ટ જે તે કોલેજ / ભવનમાં અથવા નજીકનાં હેલ્પ સેન્ટર પર હેલ્પ ડોકયુમેન્ટ માં જણાવેલ સુચના મુજબ તમામ સ્વપ્રમાણિત આધારો ફોર્મ સાથે અચૂક જમા કરાવવાના રહેશે. **નોંધ :– પ્રવેશ ફોર્મ સાથે ઓરીજીનલ માર્કશીટ ની સ્વપ્રમાણિત નકલ જોડવી ફરજીયાત છે. જરૂરી અન્ય તમામ માહિતી કચ્છ યુનિવર્સિટીની વેબ સાઈટ પરથી મેળવી શકાશે.**

**તા. ૨૩–૦૫–૨૦૧૭** **ઈ.ચા. કુલસચીવ**